**PRESS COVERAGE:**

**PUBLICATION NAME:** GOOD EVENING (GUJARATI DAILY)
**CITY:** JAMNAGAR
**DATE:** 24-07-2018
**PAGE NO.** 03
**TOTAL SQ. CM.** 455
**TITLE:** *Mithoi's farmer cultivate worthy crop of dates by support of Nayara Energy Limited*

# નયારા એનર્જી લિ.ના સહયોગથી મીઠોઈના ખેડૂતે ઉતાર્યો મીઠી ખારેક્નો મબલક પાક



નયારાએનર્જી લિ.ના સહયોગથીમીઠોઈ ગામના ખેડૂતે જૈવિક ખેતી અંતગર્ત ખારેક્નાપાક્નું મબલકઉત્પાદન કરી ખેતીનીઆવકમાં નોધપાત્ર વધારો કર્યો છે.

## જૈવિક ખેતીની તાલીમ, રોપાઓનું વિતરણ, સ્થળ પર માર્ગદર્શન, ઉત્પાદિત પાક્નું વેંચાણ કરવાના સહકારથી ખેડૂતની આવકમાં વધારો

જામનગર,

નયારા એનર્જી લિ.એ હાથ ધરેલા ઔદ્યોગિક સામાજિક જવાબદારીના અભિયાન થકી મીઠોઈ ગામના ખેડૂતે જૈવિક ખેતી અંતગર્ત ખારેક્ના પાક્નું મબલક ઉત્પાદન કરી ખેતીની આવકમાં નોંધપાત્ર વધારો કર્યો છે. ખેડૂતને તાલીમ, રોપા, માર્ગદર્શન અને ઉત્પાદિત પાક્ના વેંચાણમાં પણ કંપનીએ સહયોગી બની "મીઠોઈની મીઠી ખારેક"ને પંથકમાં વિંખ્યાત કરી દીધી છે.

નયારા એનર્જી લિ. દ્વારા રિફાઈનરી નજીક્ના ગામોના ખેડૂતોને જૈવિક ખેતી થકી વધુ આવક થાય એ માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે, આ અભિયાનની સફળતાના ફળ ખેડૂતોને મળી રહયાં છે. જેનો નોંધપાત્ર દાખલો જોઈએ તો રિફાઈનરીની સામે આવેલા મીઠોઈ ગામમાં રહેતા હીરાભાઈ સીદાભાઈ રોશિયા નામના ખેડૂત આજે "મીઠોઈની મીઠી ખારેક"ના અગ્રિમ વિક્રતા બની ગયા છે. ખારેક્ની જૈવિક ખેતીમાંથી હીરાભાઈની આવકમાં વધારો થયો છે.

હીરાભાઈ રોશિયા તેમનો સુખદ અનુભવ વર્ણવતા કહે છે કે "જૈવિક ખેતી અંગે પ્રોત્સાહન પુરું પાડવામાં નયારા એનર્જી લિ.નું વિશેષ યોગદાન છે. અગાઉ કંપનીએ જૈવિક ખેતી અંગે યોજેલી તાલીમ શિબિરમાં મને ભાગ લેવડાવ્યો હતો. બાદમાં મારા નાનકડાં ખેતરમાં બારહી જાતની વિખ્યાત ખારેક્ના ૧૪ રોપાંઓ કંપનીએ વિનામૂલ્યે આપ્યા હતા. જેને ખેતરમાં રોપ્યા પછી નિયમિત રીતે રોપાંઓને પાણી મળી રહે એ માટે ટપક સિંચાઈ પધ્ધતિની સુવિધા ઉભી કરવા માટે સરકારી સહાય મેળવવા ઉપયોગી મદદ કરી હતી. સૂર્યપ્રકાશ, પાણી, ખાતર વગેરે અંગે કંપનીના નિષ્ણાંતોએ સ્થળ પર આવી માર્ગદર્શન પુરું પાડયું હતું. જેને પગલે આ વર્ષે ખારેક્નું મબલબ ઉત્પાદન કરી શકાયું છે. ખારેક્ના વેંચાણમાં સારો ભાવ મળી રહે એ માટે નયારા એનર્જી ટાઉનશીપમાં વ્યવસ્થા પણ ગોઠવી અપાઈ હતી. નયારા એનર્જી લિ.ના સહયોગથી હું ખારેક્ની સાથે સાથે જૈવિક ખેતી થકી શાકભાજીનું પણ ઉત્પાદન કરી આવક મેળવી રહયો છું."

બારહી ખારેક્ની વાત કરીએ તો એ તમામ પ્રકારની ખારેકમાં બારહી ખારેક સ્વાદમાં ખુબજ મીઠી-મધુરી હોય છે તેમજ તેમાં ફાઈબર, આયરન, પોટેશ્યમ, વિટામીન-બી જેવા પૌષ્ટિક તત્વો હોય છે.

ઉપરાંત બટરસ્કોચ જેવી તેની ફેવર સૌને ભાવે છે આથી તેના વેંચાણમાં પણ સરળતા રહે છે.

ખારાશવાળી [illegible]ન ધરાવતા ખેડૂતો માટે આવક્નો સ્ત્રોત મર્યાદિત હોય છે ત્યારે નયારા એનર્જી લિ.એ આવા ખેડૂતોની આવકમાં વધારો થાય એ માટે શ્રેણીબધ્ધ પગલાંઓ ભર્યા છે, જેમાં ટપક સિંચાઇ પધ્ધતિ, જૈવિક ખેતીની તાલીમ, સ્થળ પર માર્ગદર્શન વગેરનો સમાવેશ થાય છે, આ માટે "બાયફ" સંસ્થાને સાથે રાખી પગલાંઓ ભરવામાં આવી રહયાં છે. મીઠોઈની મીઠી ખારેક વિખ્યાત બન્યા બાદ આજે અન્ય ગામના ખેડૂતો હીરાભાઈના ખેતરની મુલાકાત લઈ રહયાં છે.